પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા(ડી.એલ.એડ.)
(તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના
નિયમો સુધારવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૬/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન, તા.૨/૭/૨૦૧૨

(૨) એમ.એચ.આર.ડી. ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશનના ઓફિસ મેમોરેન્ડમ નં.૧૨-૪/૨૦૧૯-U1, તા.૧૭/૧/૨૦૧૯.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: EWS/122019/45903/A તા.૨૩/૧/૨૦૧૯.

(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૧૭/૯૯૭/ચ, તા.૩૦/૧૨/૨૦૧૦.

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરીના પત્ર ક્રમાંક: પ્રાશિનિ/જા/૨૦૧૯/૦૪, તા.૧/૫/૨૦૧૯.

**આમુખ:**

શૈક્ષણિક સંસ્થાઓના નિયમન અધિનિયમ-૧૯૮૪ રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ ઉપર નિયમન લાવવાના ઉદ્દેશથી ઘડવામાં આવ્યો હતો અને તેના હેઠળ પ્રિ-પી.ટી.સી./પી.ટી.સી. સંસ્થાઓના નિયમો-૧૯૮૪ તૈયાર કરવામાં આવ્યા હતા. જેના નિયમ-૬ માં નિર્દિષ્ટ પરિશિષ્ટ-૫ માં દર્શાવ્યા મુજબ વખતો વખતના સુધારા સહિત પ્રવેશ નિયમો ઘડેલ આ નિયમો અન્વયે શિક્ષણ વિભાગના તા.૨/૭/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન થી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા(D.El.Ed.) પ્રવેશ નિયમો ઘડવામાં આવેલ હતા. વંચાણે લીધેલ ક્રમ-૨, ૩ અને ૪ ને ધ્યાને લઇ સુધારો કરવા અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તા.૧/૫/૨૦૧૯ ના પત્રથી પરિશિષ્ટ-૧ ના નિયમ-૪.૪, ૫.૩, ૫.૪ માં સુધારો કરવાની દરખાસ્ત અત્રે મળેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા(ડી.એલ.એડ.) તત્કાલિન પી.ટી.સી. પ્રવેશ અંગેના નિયમો ઘડવા બાબતના શિક્ષણ વિભાગના તા.૨/૭/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/ ૭૦૨/ન, ના પરિશિષ્ટ-૧ નિયમ-૪.૪, ૫.૩, ૫.૪ માં સુધારો કરવા અંગે સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે નીચે મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ૪.૪ ની મૂળ જોગવાઇ | સુધારા કરવાની થતી જોગવાઇ |
|---|---|
| મહત્તમ ઉંમર મર્યાદા: પ્રવેશ માટે ઉમેદવારની ઉંમર શૈક્ષણિક વર્ષના આરંભે એટલે કે જે વર્ષના જુલાઇની પ્રથમ તારીખે ૨૪ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહિ. "શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૧૦/૯૯૭/ચ, તા.૩૦/૧૨/૨૦૧૦ થી રાજ્યની બાબતી | મહત્તમ ઉંમર મર્યાદા: પ્રવેશ માટે ઉમેદવારની શૈક્ષણિક વર્ષના આરંભે એટલે કે જે તે વર્ષે જુલાઇની પ્રથમ તારીખે ૨૪ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહિ. (બિનતાલીમી શિક્ષકો માટેની મૂળ જોગવાઇમાંથી નીચેના શબ્દો રદ કરવામાં આવે છે.) |



Scanned by CamScanner

| | |
|---|---|
| પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિન તાલીમાર્થી શિક્ષકો માન્ય પીટીસી કોલેજોમાં પીટીસીની તાલીમ મેળવી લેવાનું નક્કી કરેલ છે. આવા ઉમેદવારોને વય મર્યાદા લાગુ પડશે નહિ". | "શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૦૧૦/૯૯૭/ચ, તા.૩૦/૧૨/૨૦૧૦ થી રાજયની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિન તાલીમાર્થી શિક્ષકો માન્ય પીટીસી કોલેજોમાં પીટીસીની તાલીમ મેળવી લેવાનું નક્કી કરેલ છે. આવા ઉમેદવારોને વય મર્યાદા લાગુ પડશે નહિ". |

૨. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજયુકેશનના તા.૧૭/૧/૨૦૧૯ ના ઓફિસ મેમોરેન્ડમ નં.12-4/2019-U1 તથા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબ્લ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની સૂચનાઓને અનુસરીને તથા ટેકનિકલ શિક્ષણના તા.૧૦/૬/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પવશ/૧૦૨૦૧૯/૭૮૮/સ ના પેરા-૧ ને ધ્યાને લઇ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા(ડી.એલ.એડ.) પ્રવેશ નિયમોમાં પરિશિષ્ટ-૧ના નિયમ-૫ માં અનામત બેઠકો માટે ૫.૩ પછી ૫.૩(ક) નવો ઉમેરવામાં આવે છે.

૫.૩(ક) "અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગોમાં આવરી લેવાઇ ન હોય તેવી જાતિઓ પૈકીના આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની રહેશે."

સરકારી/અનુદાનિત સ્વનિર્ભર સંસ્થાઓના પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા(ડી.એલ.એડ.) અભ્યાસક્રમમાં આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે અનામતની અમલવારી માટે અનામત કેટેગરીની બેઠકોની ટકાવારીમાં અને બિનઅનામત વર્ગની બેઠકોની સંખ્યામાં કોઇ ઘટાડો થાય નહિ તે રીતે હાલની Sanctionad Intake માં વધારો કરી Economically Weaker Section(EWS) કેટેગરી માટે ૧૦% અનામતનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલ કરવાનું રહેશે.

૩. ડી.એલ.એડ. માં વર્ગદીઠ-૫૦ ના મંજૂર ઇન્ટેકની સામે નીચેના પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ અને વર્ગદીઠ-૧૦૦ ના મંજૂર ઇન્ટેકની સામે પત્રક-૨ માં દર્શાવ્યા મુજબ ઇન્ટેક મંજૂર કરવાનો થાય છે. ઉપરોક્ત સિવાયની વર્ગદીઠ ઇન્ટેક નક્કી કરવામાં આવે ત્યારે નીચે દર્શાવેલ પત્રક-૧ અને ૨ તથા નિયમ-૫.૩(ક) ધ્યાને લઇને ઇન્ટેકમાં ફેરફાર કરવાનો થાય છે. તે ધ્યાને લેવાનું રહેશે.

પત્રક-૧

વર્ગદીઠ-૫૦ ના મંજૂર ઇન્ટેક સામે જગ્યામાં વધારો

| Reservation Category | Existing | | Proposed | |
|---|---|---|---|---|
| | | | increase 25% seats | |
| | Reservation (%) | Seats (Number) | Reservation (%) | Seats (Number) |
| SEBC | 27 | 14 | 27 | 17 |
| SC | 7 | 3 | 7 | 4 |
| ST | 15 | 7 | 15 | 9 |
| Open | 51 | 26 | 41 | 26 |
| EWS | 0 | 0 | 10 | 6 |
| Total | 100 | 50 | 100 | 62 |



Scanned by CamScanner

## પત્રક-૨

### વર્ગદીઠ-૧૦૦ ના મંજૂર ઇન્ટેક સામે જગ્યામાં વધારો

| Reservation Category | Existing | | Proposed increase 25% seats | |
|---|---|---|---|---|
| | Reservation (%) | Seats (Number) | Reservation (%) | Seats (Number) |
| SEBC | 27 | 27 | 27 | 33 |
| SC | 7 | 7 | 7 | 9 |
| ST | 15 | 15 | 15 | 19 |
| Open | 51 | 51 | 41 | 51 |
| EWS | 0 | 0 | 10 | 13 |
| Total | 100 | 100 | 100 | 125 |

૪. ઉપરોક્ત એન.સી.ટી.ઇ. ના મંજૂર ઇન્ટેકની સીટો સામે EWS કેટેગરીના ૧૦% ના વધારા કરવાની જે સીટોનો વધારો કરવાનો થાય છે તે બાબતની એન.સી.ટી.ઇ.ની મંજૂરી મેળવવાની થાય છે. જે મેળવી લેવા નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીને જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા ડી.એલ.એડ. અભ્યાસક્રમમાં EWS કેટેગરી માટે ૧૦% અનામતનો લાભ આપવા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલ કરવાની રહેશે.

| ૫.૪ ની મૂળ જોગવાઇ | સુધારા કરવાની થતી જોગવાઇ |
|---|---|
| ૫.૪(ખ) વિકલાંગ ઉમેદવારો માટે અનામત: નિયમ ૫.૪ માં દર્શાવ્યા મુજબના વિકલાંગ ઉમેદવારો માટે કૂલ ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની રહેશે. આ ૩ ટકા જગ્યાઓ પૈકી<br>- મૂકબધિર ઉમેદવારો માટે ૧ ટકા<br>- અંધત્વ તથા અલ્પદ્રષ્ટિવાળા ઉમેદવારો માટે ૧ ટકા અને<br>- અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ૧ ટકા જગ્યાઓ વિભાજીત કરવાની રહેશે.<br>વિકલાંગ ઉમેદવારો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ તથા સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને નિયમ-૫ હેઠળ નિયત કરેલ અનામતની જોગવાઇ લાગુ પડશે. તે અનુસાર નિયમ-૪.૫ માં દર્શાવેલ મહત્તમ ઉંમરનો લાભ મળી શકશે. | ૫.૪(ખ) દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત: મૂળ જોગવાઇ રદ કરીને નીચે મુજબ ઉમેરો કરવામાં આવે છે. "શિક્ષણ વિભાગના તા.૧૯/૮/૨૦૧૭ ના સુધારા ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન થી કરવામાં આવેલ સુધારા અને દિવ્યાંગ ઉમેદવારોની મેરીટ યાદી તૈયાર કરી તેના આધારે પ્રવેશ આપવાનો રહેશે.<br>ભારત સરકારના રાજપત્ર, કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૬ના ગેઝેટના ક્લોઝ નં.૩૪ અનુસાર તમામ પ્રકારના દિવ્યાંગ ઉમેદવાર માટે ૫% અનામત જાળવવાની રહેશે. |



Scanned by CamScanner

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૧૭/૬/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), બ્લોક નં.૫/૮, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન સેકટર-૧૭, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ), કમિશ્નરશ્રી, શાળાઓ મારફત.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત.
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જી.સ્વાન પર મૂકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner